ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

DST

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 12th May, 2025

પ્રતિ,

તંત્રી શ્રી,

જય વિજ્ઞાન,

**Operation "SHAKTI" - 11th May, 1998 ભારતે પોખરણ ખાતે દ્વિતીય પરમાણું પરીક્ષણ કરેલ જેને નેશનલ ટેકનોલોજી દિવસ તરીકે પ્રતિ વર્ષે ઉજવામાં આવે છે.**

**GUJCOST ના સહયોગથી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા અંતર્ગત તા.૧૩-મી મે ના રોજ ટેકનોલોજીસ ફોર વિકસિત ભારત વિષય કેન્દ્રે વ્યાખ્યાન, ચર્ચા-ડીબેટ, ફિલ્મ શોનું રીજીયોનલ સાયન્સ સેન્ટર, નારી ખાતે આયોજન**

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર'ના કાર્યક્ષેત્રમાં વિવિધ વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી કરવાનું નિર્ધારિત હોય છે. જે પૈકી, પ્રતિ વર્ષે ૧૧મી મે ને 'નેશનલ ટેકનોલોજી દિવસ' ઉજવવામાં આવે છે. કારણ કે ૧૧ મે, ૧૯૯૮ ના રોજ, ભારતે રાજસ્થાનના પોખરણ રેન્જમાં એરોસ્પેસ વૈજ્ઞાનિક ડો. એ.પી.જે. અબ્દુલ કલામના નેતૃત્વમાં મિશન 'શક્તિ'નામથી દ્વિતીય પરમાણું પરીક્ષણ સફળતા પૂર્વક પૂર્ણ કરી વિશ્વના ગણવા માત્રના પરમાણું સંપન દેશોની હરોળમાં પોતાનું નામ નોધાવ્યું. એટલુજ નહિ વિશ્વ આખાએ આ પરીક્ષાની મહત્વપૂર્ણ નોંધ લીધેલ. ભારતે ૧૧ મે ના રોજ ત્રણ ભૂગર્ભ પરમાણુ પરીક્ષણો કર્યા, ત્યારબાદ ૧૩ મે ના રોજ બે વધારાના પરીક્ષણો કર્યા. જેની ગર્વગાથા અને પરમાણું ક્ષેત્રે આત્મ નિર્ભરતા આ દિવસને દર વર્ષે ૧૧ મે ના રોજ નેશનલ ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવાની વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપાઇએ જાહેરાત કરેલ. અગાઉ પણ પોખરણ ખાતે ૧૯૭૪ માં ભારતે 'સ્માંઈલીંગ બુદ્ધા' નામે પરમાણું પરીક્ષણ કરેલ.

આ ગર્વ ગાથા ને જાગ્રત રાખવા અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતે લગાવેલ કવાંટમ જંપને લોક ભોગ્ય બનવાના હેતુ થી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા GUJCOSTના સહયોગથી નેશનલ ટેકનોલોજી દિવસ અંતર્ગત તા.૧૩-૦૫-૨૦૨૫ ને મંગળવારના રોજ રીજીયોનલ સાયન્સ સેન્ટર, નારી ખાતે ભાવનગર જીલ્લાની વિવિધ ITI ના વિધાર્થીઓ માટે **ટેકનોલોજીસ ફોર વિકસિત ભારત** વિષય કેન્દ્રે વ્યાખ્યાન, ચર્ચા-ડીબેટ, ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું છે. અહી વિદ્યાર્થીઓને ભારત દ્વારા કરવામાં આવેલ ઓપરેશન સિંદૂરમાં ઉપયોગ થયેલ અતિ મહત્વની ટેકનોલોજી વિષે સમજણ આપવામાં આવશે. વર્ષોથી, રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ વૈજ્ઞાનિક શ્રેષ્ઠતાને સન્માનિત કરવા, ઔદ્યોગિક નવીનતાઓનું પ્રદર્શન કરવા અને વિજ્ઞાન, સમાજ અને ઉદ્યોગ વચ્ચે ભાગીદારીને મજબૂત બનાવવા માટે એક મુખ્ય પ્રસંગ તરીકે વિકસિત થયો છે.

12/5/25

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર KRCSC ભાવનગર